# તમારા સોનાને સુરક્ષિત રાખવામાં રોકાણ કરો

સોનાની કિંમતો નાટકીય રીતે વધી છે જેના પરિણામ સ્વરૂપે ઘરફોડીઓ પણ ખૂબ જ વધી છે, જેમાં એશિયન પરિવારો અને પડોશીઓનું સોનું ચોરવામાં આવેલ છે. ભોગ બનવાની તમારી જોખમ ઘટાડવા માટે આ ટીપ્સનું પાલન કરો:

- તમારા ઘરમાંથી તમારા બધા ઘરેણાં કાઢી નાખવા પર ધ્યાન આપો, જેથી તમે ભોગ બનો તો પણ તમારી કિંમતી વસ્તુઓ ચોરાશે નહીં
- સોનું અથવા કિંમતી વસ્તુઓને રાખવા માટે એક બેંક સેફટી ડિપોઝિટ બોક્સનો ઉપયોગ કરો
- જો તમને તમારા ઘરેણા ઘરે જ રાખવાનું પસંદ હોય, તો ખાતરી કરો કે એ દેખાઇ જાય એવી રીતે અને બધા ઘરેણા એક જ જગ્યાએ રાખેલાં નથી
- ખાતરી કરો કે તમારા બધા ઘરેણા તમારા વીમામાં પર્યાપ્ત રીતે કવર કરવામાં આવેલાં છે
- એક British Standard (બ્રિટિશ સ્ટાન્ડર્ડ) તિજોરી સ્થાપવા પર ધ્યાન આપો. ચકાસાયેલ સુરક્ષિત તિજોરીઓ વિષે વધુ જાણકારી માટે, **securedbydesign.com** ની મુલાકાત લો



- તમારી મિલકતની <u>મફત</u> સેક્યુઅર ઓનલાઇન ડેટાબેઝ **immobilise.com** પર નોંધણી કરો – એ રીતે, જો પોલિસને તમારી મિલકત મળી જશે તો તેઓ એ તમને પાછી આપી શકશે
- અનમોલ સોનાના દરેક ઘરેણાનું અથવા દાગીનાનું એક લેખિત વર્ણન સાથે ફોટું કાઢો
- જ્યારે જાહેરમાં ઘરેણા પહેરો ત્યારે સાવચેત રહો અને કોઇના ધ્યાનમાં આવે નહીં એવી સમજદારીથી પહેરો
- તમે જ્યાં રહો છો ત્યાં ગુના અને સમસ્યાઓ વિષેની મફત ચેતવણીઓ મેળવવા માટે **stayintheknow.co.uk** પર સાઇન અપ કરો.

## ચોરને તમારા ઘરમાં પ્રવેશવાથી રોકવું:

- જો તમે લગ્નપ્રસંગ કે ભજન ગાવા જેવા કોઇ કાર્યક્રમ માટે જઇ રહ્યા છો તો ખાતરી કરો કે તમારા ઘરના બધા દરવાજા અને બધી બારીઓ યોગ્ય રીતે બંધ કરેલ છે
- દીવા પર ટાઇમર સ્વિચ લગાવો જેથી એવું લાગે કે ઘરમાં કોઇ છે અથવા સાંજે બહાર જતી વખતે ઘરમાં એક લાઇટ ચાલુ રાખો
- એક અલાર્મ કે સીસીટીવી કેમેરા બેસાડવાનું ધ્યાનમાં રાખો

## એક ગુનાની જાણ કરવી

**કટોકટી વખતે (જ્યારે તમારા ઘરમાં એક ઘૂસણખોર હોય અને એ વખતે ગુનો બનતો હોય) હંમેશા 999 પર ફોન કરો.**

**અથવા તો પહેલેથી જ બનેલા એક ગુનાની જાણ કરવી હોય કે પછી સલાહ લેવી હોય, કૃપા કરીને 101 પર ફોન કરો અથવા તમે lancashire.police.uk/doitonline પર જઇને ઓનલાઇન જાણ કરી શકો છો**

@lancspolice